બાળ પ્રાર્થના

અને

રાષ્ટ્રીય ગીતો

(નવી ગુજરાતી શાળામાં ચાલતી)

પ્રકાશક:–
નવા ગુજરાતી શાળા તરફથી
પાનાચંદ ઝવેરચંદ સાંગાણી
મુખ્ય શિક્ષક
દોલતખાના, અમદાવાદ.

[illegible]
[illegible] પ્રત [illegible]

શાળા સંબંધી વિશેષ હકીકત.

૧ બાળવર્ગથી બધાં ધોરણોનાં બાળકોને ચિત્રકામ બાગકામ, સંગીત, સુલેખન, શીવણ, હસ્તકળા અને કસરત ઉત્તમ રીતે શીખવવામાં આવે છે.

૨ પ્રત્યેક પ્રકારનું શિક્ષણ આપવામાં પુષ્કળ સાધિનોનો ઉપયોગ કરવામાં આવે છે.

૩ પોતાનાં શરીર, વસ્ત્રો અને પુસ્તકો સ્વચ્છ રાખત તથા શાળાની સ્વચ્છતા જાળવતાં બાળકો સ્વતઃ શીખે છે.

૪ બાળકોને મહા પુરૂષોનાં જીવન ચરિત્રો, બોધક વાર્તાઓ અને વ્યાવહારિક કાર્યોદ્વારા નૈતિક કેળવણી આપવાના ઉત્તમ યત્નો કરવામાં આવે છે.

૫ શાળાના બધાએ શિક્ષકો ટ્રેનિંગ કૉલેજના ઉત્તમ પદમાં પાસ થયેલા અનુભવી છે.

૬ શારીરિક સજાને શાળામાં સ્થાનજ નથી, એટલે શાળા એ વિદ્યાર્થીનું કેદખાનું નહિ પણ વિનોદ-સ્થાન છે.

૭ અઠવાડીઆમાં એક વખત બાળકોને કુદરતનું અવલોકન કરાવવા લઈ જઈ તેમની જિજ્ઞાસાવૃત્તિને પોષવામાં આવે છે.

१

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्द माधवम् ॥

२

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः
स्तुन्वन्ति दिव्यैस्स्तवै-
र्वेदैस्सांगपदक्रमोपनिषदै-
र्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा
पश्यंति यं योगिनो
यस्यान्तं न विदुस्सुरासुरगणा
देवाय तस्मै नमः ॥

३

शुक्लां ब्रह्मविचारसार परमा-
माद्यं जगद्व्यापिनीम
वीणा पुस्तकधारिणीमभयतां
जाड्यान्धकारापहाम् ।
हस्ते स्फाटिकमालिकां विदधतीं
पद्मासने संस्थिताम्
वंदे त्वां परमेश्वरीं भगवतीं
बुद्धिप्रदां शारदाम् ॥

૪

ઓ ઈશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ;
ગુણ તારા નીત ગાઈએ,
થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું,
સદા રાખ દીલ સાફ;
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ કરજે માફ.

૫

પ્રભુ તને સદા સદા
ખુશી થઈ નમું નમું.
હરૂં ફરૂં હમેશ હું
તને જ કેમ વીસરૂં પ્રભુ.

જમીન પાણી વાયરો
વનસ્પતિ જનાવરો;
અનાજ ઘાસ તેં કર્યાં
અનેક રંગ આદર્યા. પ્રભુ.

સુખી થવા કહ્યું સહુ
ભલો ન કેમ થાઉં હું;
ભૂલોની માફ માગી હું
તને સદા નમું નમું. પ્રભુ.

૬

વીસરૂં નહિ પ્રભુ નામ,
કદી હું વીસરૂં નહિ પ્રભુ નામ. ટેક.
ચંદ્ર સુરજ ને અગણિત તારા,
કર્યા ઉજાસને કામ. કદી હું.
બહુ ઉપયોગી આપી હવા તેં,
બેસે નહિ કંઇ દામ. કદી હું.
અન્ન દીએ છે વરસાદેથી,
પાળે જીવ તમામ. કદી હું.
ગાય ભેંસને દૂધ દહીં દેવા,
સરજાવી સૌ ઠામ. કદી હું.
ઝાડ પાન ફળ ફુલ બનાવ્યાં,
આંબો ગુલાબ બદામ. કદી હું.
દયા કરી સેવકને આપો,
બહુ વિદ્યા સુખ ધામ. કદી હું.

૭

સુખદાઇની

સુખદાઇની સરસ્વતી માતા તું.
સુખદાઇની સરવસ્તી તું
પંડિતજનની પુણ્યગતિ તું
આપ અમોને આશિષ
બ્રહ્મસુતા તું (૨) રે......સરસ્વતી.
મયુરવાહિની પ્રણતપાલિની
સુરતરૂપિણી સ્વર્ગમાલિની
જ્વાળામુખી જગજનની
ભક્તરતા તું (૨) રે......સરસ્વતી
પારસમણી તું પાવન કરજે
દાસજનો આવ્યા સંઘરજે
દીનદયાળુ દેવી
દિવ્ય સુધા તું (૨) રે....સરસ્વતી.

(राष्ट्रीय गीतो)

८

वन्दे मातरम्

सुजलां सुफलां मलयजशीतलां
शस्यश्यामलां मातरं   वन्दे

शुभ्रज्योत्स्नां पुलकितयामिनीं
फुल्लकुसुमितद्रुमदलशोभिनीं
सुहासिनीं सुमधुरभाषिणीं
सुखदां वरदां मातरं   वन्दे

सप्तकोटिकंठकलकलनिनादकराले
द्विसप्तकोटिभुजैर्धृतशरकरवाले
केवले मा तुमि अबले
बहुबलधारिणीं नमामि तारिणीं
रिपुदलवारिणीं मातरं   वन्दे

*   *   *

૯

એ માતૃભૂમિ તેરે
ચરણોંમેં શિર નમાઉં
મૈં ભક્તિભેટ અપની
તેરી શરણમેં લાઉં. એ.

માથે પે તું હો ચંદન
છાતી પે તું હો માલા,
જીહ્વા પે ગીત તું હો
મૈં તેરા નામ ગાઉં. એ.

જીસસે સુપૂત ઉપજે
શ્રી રામ કૃષ્ણ જૈસે
ઉસ તેરી ધૂલિકો મૈં
નિજ સીસ પે ચઢાઉં. એ.

માની સમુદ્ર જિસકી
 ધૂલિકો પાન કરકે
કરતા હૈ માન તેરે
 ઉસ પૈરકો મનાઉં. એ.

વે દેશ માન વાલે
 ચઢકર ઉતર ગયે સબ
ગોરે રહે ન કાલે
 તુઝકો હી એક પાઉં. એ.

સેવામેં તેરી સારે
 ભેદોંકો ભૂલ જાઉં.
વહ પુણ્ય નામ તેરા
 પ્રતિદિન સુનું સુનાઉં. એ.

તેરે હી કામ આઉં
 તેરા હી મંત્ર ગાઉં;
મન ઔર દેહ તુઝપર
 બલિદાન મૈં ચઢાઉં. એ.

૧૦

શુદ્ધ સુંદર અતિ મનોહર મંત્ર વંદેમાતરમ્
મૃદુલ સુખકર દુઃખહારી મંત્ર વંદેમાતરમ્
મંત્ર યહ હૈ તંત્ર યહ હૈ જંત્ર વંદેમાતરમ્
સિદ્ધિદાયક બુદ્ધિદાયક એક વંદેમાતરમ્

*　　*　　*

હરઘડી હરબાર હો હરનામ વંદેમાતરમ્
હરદમ હમેશાં બોલીએ ગુરુમંત્ર વંદેમાતરમ્
જપીયે નિરંતર શુદ્ધ મનસે મંત્ર વંદેમાતરમ્
સોતે સમય ખાતે સમય કલગાન વંદેમાતરમ્

*　　*　　*

તેગસે શિરભી કટે ભૂલો ન વંદેમાતરમ્
મોતકી ઘડીયાં ગુંજાદો નાદ વંદેમાતરમ્
જેલમેં હો તો જપો શુભ જાપ વંદેમાતરમ્
બેડીઆં ઝંકાર દે શુભ તાન વંદેમાતરમ્

*　　*　　*

૧૧

જય જય ગરવી ગુજરાત,
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત,
જય જય ગરવી ગુજરાત.

ધ્વજ પ્રકાશશે ઝળળાળ કસુંબી
પ્રેમશૌર્ય અંકિત
તું ભણવભણવ નિજ સંતતિ સૌને
પ્રેમભક્તિની રીત
ઉંચી તુજ સુંદર જાત
જય જય૦

* * *

તે અહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસીંગ

તે રંગથકી પણ અધિક સરસ રંગ
થશે સત્વરે માત

શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે
વીતી ગઈ છે રાત

જન ઘુમે નર્મદા સાથ

જય જય૦

દાખલ થનારને ખાસ લાભ.

૧ આ શાળામાં નિયમિત અભ્યાસ કરનાર કોઇ બાળકને ખાનગી શિક્ષક રાખવાની જરૂર રહેતી નથી.

૨ ખાનગી સમયમાં શિક્ષકોને ઘેર જઇ તેમનો સહવાસ બાળકો સહેલાઇથી મેળવી શકે છે.

૩ વર્ગમાં માત્ર ૨૦–૨૫ વિદ્યાર્થીઓ હોવાથી દરેક બાળકના અભ્યાસ અને આચરણ પર શિક્ષકનું સંપૂર્ણ લક્ષ રહે છે.

૪ કસરત કરવાને સંપૂર્ણ સગવડ હોવાથી બાળકોનાં શરીર તન્દુરસ્ત અને સુદૃઢ થયાં છે.

'વસંત મુદ્રણાલય'માં ચીમનલાલ ઈશ્વરલાલે છાપ્યાં
રાયપુર, શામળાની પોળ પાસે–અમદાવાદ.

બાળકોનાં માબાપોને વિનતિ.

૧ બાળકને વહેલાં સુવાની અને વ
ઊઠવાની ટેવ પાડો.

૨. દરેક બાળક ઊઠીને દાતણ કરી
ધોઇ લુછી સાફ રાખે તેવી સંભાળ

૩. કાંઇપણ કારણ વિના એને નહાતું ચ
વતાં નહિ. શરીર ચોળીને નહાતાં શી

૪. પ્રભુ ભજનનાં એક: બે ગીત દ
બોલવા કહો.

૫. કપડાં સ્વચ્છ પહેરાવો. રમવાની
લીધે વારંવાર કપડાં ગંદાં કરી ન
છતાં ક્રોધ લાવી શિક્ષા કરતાં નહિ.

૬. કુમળા ફૂલના ખીલતા અંકુરોને શારી
શિક્ષની કાંગ મારી મારી નાંખતાં ન

૭. કુમળું ઝાડ વાળીએ છીએ તેમ વળે
એમ સમજી બાળહૃદયને સન્માર્ગે દોર
ની ફરજમાં પાછી પાની કરતાં નહિ

ગોવિંદરામ આણાશંકર ઠા